GJMR010005002026

| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૦૨–૦૩–૨૦૨૬ |
| રજીસ્ટરે લીધા તારીખ | : | ૦૨–૦૩–૨૦૨૬ |
| નિકાલ તારીખ | : | ૦૯–૦૩–૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ માસ દિવસ |
| આંક | : | |

**મોરબી જીલ્લાના અધિક સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુ. મોરબી.**

**ફો.પ.અ.નં. ૨૫૧/૨૦૨૬**
**આંક**

**ગોપાલ સુરેશભાઇ જોટાંગીયા**
ઉ.વ.:– ૨૮, ધંધો:– વેપાર,
રહે. હાઉસીંગ બોર્ડ, ત્રણ માળીયા ક્વાર્ટર
ભગતસિંહ ગાર્ડન પાસે, રાજકોટ
હાલ જીલ્લા જેલ, મોરબી. **અરજદાર**

**વિરુધ્ધ**

**શ્રી ગુજરાત સરકાર,**
મારફતે : વિ.પી.પી.શ્રી,
મોરબી. **સામાવાળા**

---

**બાબત :– મોરબી તાલુકા પો.સ્ટે. એ પાર્ટ ગુના રજી. નં. ૦૩૦૪/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૦૫, ૬૧(૨), ૨૧૨ મુજબના ગુનાના કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે પ્રથમ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી**

---

**વકીલશ્રીઓ :– અરજદાર તરફે વિ.વ.શ્રી સી.એસ.વ્યાસ**
**સામાવાળા તરફે વિ.એડી.પી.પી.શ્રી એન.ડી.કારીયા**

---

**<u>-: ઠરાવ :-</u>**

**૧.** અરજદાર/આરોપી ધ્વારા હાલની આ જામીન અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે અરજીમાં જણાવેલ કારણોસર નિયમીત જામીન મેળવવાની હાલની અરજી દાખલ કરેલ છે.

૨. અરજદાર/આરોપીની જામીન અરજી રજુ થતા આ કામે સામાવાળા/સરકારશ્રીને નોટીસ કાઢવામાં આવતા સામાવાળા તરફે વિ.એડી.પી.પી.શ્રી એન.ડી.કારીયા પોલીસ તપાસના કાગળો સાથે હાજર થયેલ છે. તેમજ તપાસનીશ અમલદારે અરજદાર/આરોપીની વિરુધ્ધનું આંક-૦૬ થી સોગંદનામું રજુ કરેલ છે. જે વંચાણે લીધુ.

**૩.** અરજદાર/આરોપીના વિ.વ.શ્રી સી.એસ.વ્યાસ નાઓ ધ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરુધ્ધ મોરબી તાલુકા પો.સ્ટે. એ પાર્ટ ગુના રજી. નં. ૦૩૦૪/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૧૦૫, ૬૧(૨), ૨૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ અંગેની ફરીયાદ દાખલ થયેલ છે. વધુમાં એવી દલીલ કરવામાં આવેલ છે કે, અરજદાર મજુરીકામ કરે છે અને અગાઉ કયારેય કોઇ પણ ગુનો આચરેલ નથી અરજદાર વિરુધ્ધ ખોટી હકીકતવાળી એફ.આઇ.આર. દાખલ કરેલ છે. વધુમાં એવી દલીલ કરવામાં આવેલ છે કે, અરજદારે એફ.આઇ.આર. મુજબનું કોઇ કૃત્ય કરેલ નથી અરજદાર હાલ ૨૫ વર્ષના હોય અને અગાઉ પણ કોઇ ગુનાઓ નોંધાયેલ નથી. અરજદારના પરીવારની ભરણપોષણ કરવાની જવાબદારી તેઓ પર રહેલ છે. ફરીયાદીની ફરીયાદ જોતા ફરીયાદીએ ફરીયાદમાં અલગ અલગ હકીકતો જણાવેલ છે અને ફરીયાદ ૩ દીવસ કરતા પણ વધુ સમય બાદ પ્રી પ્લાન કરી મોટી રકમ પડાવવાના ઈરાદાથી પાછળથી ઉભી કરેલ છે. અરજદારે તપાસ દરમ્યાન તપાસ કરનાર અધિકારીને

પુરેપુરો સાથ સહકાર આપેલ છે. તેમજ અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ સુજીતકુમાર વિ. સ્ટેટ ઓફ બિહાર તથા ફીરોઝખાન વિ. સ્ટેટ (એન.સી.ટી. ઓફ દિલ્હી) વાળા ચુકાદાઓમા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતોને ધ્યાને લઈ હાલના અરજદાર/આરોપીને જામીન પર મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં અરજદાર/આરોપી વતી તેઓના વિ.વ.શ્રી નાઓએ અરજદાર ટ્રાયલ ચાલતા દરમ્યાન નિયમીત રીતે મુદત હરોળમાં નામદાર કોર્ટમાં હાજર રહેશે તથા ફરીયાદપક્ષ ના સાહેદોને કોઈપણ પ્રકારની લાલચ, ધાક, ધમકી કે પ્રલોભન આપી તેઓને તોડવા ફોડવા કોઈ પ્રયાસ કરશે નહી તેવી બાંહેધરી આપેલ છે. અને જામીન પર મુકત કરવા જે જે શરતો નામદાર કોર્ટ ફરમાવશે તેનું પાલન કરવાની ખાતરી આપેલ છે.

**૪.** અરજી સામે વાંધો ઉઠાવી વિ.એડી.પી.પી.શ્રી એન.ડી.કારીયા દ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, અરજદાર/આરોપી વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૧૦૫, ૬૧(૨), ૨૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ અંગેની ફરીયાદ દાખલ થયેલ છે. અરજદાર/આરોપી આ કામના મુખ્ય આરોપી જયદીપ તથા હીરેનનો સાગરીત હોય બધાએ આ લુકાસ સીરામીક બંધ કારખાનામાં રહેલ કેંચી કાઢવાનું કામ રાખેલ તેમજ આ કામ કરવા માટે મજુર તરીકે મરણજનાર વિક્રમભાઈને આ ત્રણેય જણાની બેદરકારીના કારણે લુકાસ ફેકટરી કે જે બંધ હોય અને તેમાં રાત્રીના કામ કરવાથી માનવહાની થઈ શકે છે તેવી હકીકત જાણવા છતા બેદરકારીથી ગુનાહીત કાવતરુ રચી ફરીયાદીના બનેવી પાસે સદરહુ બંધ ફેકટરીની કેંચી ગેસ વેલ્ડીંગ વડે કોઈપણ સલામતીના સાધનો વગર કટીંગ કરાવતા તેમાં ફરીયાદીના બનેવીનું મોત નીપજાવેલ છે. વધુમાં એવી દલીલ કરવામાં આવેલ છે કે, અરજદાર/આરોપી વિરુધ્ધ આ અગાઉ ગાંધીગ્રામ-૦૨ પો.સ્ટે. રાજકોટ

ખાતે મારામારી અને એટ્રોસીટીનો કેસ નોંધાયેલ હોય જેથી અરજદાર/આરોપી ગુનાહીત માનસ ધરાવે છે. સદર ગુનામાં અરજદાર/આરોપી પ્રથમથી જ સંડોવાયેલા છે. તેઓ સામે પ્રથમ દર્શનીય કેસ છે. વધુમાં એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે તપાસ હાલ ચાલુ છે. તેવા સંજોગોમાં અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો, આ કામના સાહેદો તથા પંચો ને ધાક–ધમકી આપી પુરાવા સાથે ચેડા કરે–કરાવે તેવી શકયતાઓ છે તેમજ તેઓ નાસી–ભાગી જાય તેવી શકયતાં હોય તેમજ ટ્રાયલ દરમ્યાન હાજર ન રહે તેવી શકયતાંઓ હોય, જેથી આ રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

**૫.** ઉભયપક્ષોની રજુઆતો ધ્યાને લીધી. પોલીસ પેપર્સ ધ્યાને લેતાં, અરજદાર/આરોપી વિરુધ્ધ મોરબી તાલુકા પો.સ્ટે. એ પાર્ટ ગુના રજી. નં. ૦૩૦૪/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૦૫, ૬૧(૨), ૨૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ અંગેની ફરીયાદ દાખલ થયેલ છે. એ હકીકત સુનિશ્ચીત છે કે ફરીયાદીના બનેવી વિક્રમભાઇ પરસોતમભાઇ પાટડીયાનું મોત નીપજેલ છે. પરંતુ ફરીયાદીની ફરીયાદ વંચાણે લેતા તેમાં ફરીયાદીએ એવી હકીકત જણાવેલ છે કે તેઓને જાણવા મળેલ કે લુકાસો સીરામીક પ્રા.લી. કંપનીના માલીક જીતેન્દ્રભાઇ તથા અંબારામભાઇએ આ ફેકટરી માટે યસ બેંકમાંથી લોન લીધેલ અને જે લોનની ભરપાઇ ન કરતા આ બેન્કે આ ફેકટરીનો કબજો કોર્ટ ઓર્ડરથી લીધેલ અને ત્યારબાદ આ ફેકટરીના બંને માલીકોએ રાકજોટના જયદીપભાઇ અને હીરેનભાઇ તથા અરજદાર/આરોપી ગોપાલભાઇને આ ફેકટરીની કેંચી કાઢવાનું કામ આપેલ અને ત્રણેયની સુચનાથી આ ત્રણેયની બેદરકારીના કારણે ફરીયાદીના બનેવીનું મોત થયેલ છે. જેથી એવુ ચોકકસપણે માનવાને કારણ રહે છે કે બનાવ જે સમયે બનવા

પામેલ છે તે સમયે સીરામીક કંપનીનો કબજો કોર્ટ પાસે હતો. જેથી હાલના અરજદાર/આરોપી તથા અન્ય સહઆરોપીના કહેવાથી અને તેની સુચનાથી ફરીયાદીના બનેવી બંધ ફેકટરી પચ્ચીસ ફુટ દીવાલ પર લાગેલ કેંચીનું વેલ્ડીંગથી કટીંગ કરતા દીવાલ નીચેથી પડી જતા ગંભીર પ્રકારની ઈજાઓ થયેલ અને તેનાથી મૃત્યુ નીપજેલ છે કે કેમ તે એક પુરાવાનો વિષય છે. આ તમામ સંજોગોમાં ત્યારે હાલના તબકકે અરજદાર/આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ માની, ટ્રાયલના અંત સુધી જયુડીશીયલ કસ્ટડીમાં રાખવાનું ન્યાયના હિતમાં યોગ્ય અને વ્યાજબી જણાતું નથી. વળી હાલની જામીન અરજી મંજુર કરવાથી અરજદાર/આરોપી નિર્દોષ છુટી જતા નથી, તેમણે સમગ્ર ટ્રાયલ ફેસ કરવાની રહે છે અને ફરીયાદ પક્ષને પણ અરજદાર/આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે યોગ્ય તકો ઉપલબ્ધ હોય છે. વધુમાં અરજદાર/આરોપી વિરુધ્ધના ગુનાની ટ્રાયલ ચાલતા સમય જાય તેમ છે તે સંજોગોમાં અરજદાર/આરોપીને વધુ જેલમાં રાખવાનું કોઈ કારણ જણાતુ નથી. જો આરોપીને લાંબા સમય સુધી જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થયાનું નકારી શકાય તેમ નથી. ફોજદારી ન્યાયશાસ્ત્રમાં '' જામીન એ નિયમ અને જેલ એ અપવાદ છે. '' તે સિધ્ધાંત સાથે વ્યકિત સ્વતંત્રતાનો સિધ્ધાંત તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના સંજયચંદ્રા વિ. સી.બી.આઇ., ૨૦૧૨ (૧), એસ.સી.સી. ૪૦ તેમજ સત્યંનદ્ર અંટીલ વિ. સી.બી.આઇ.ના કેસના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા અરજદાર/આરોપીને જામીન મુકત કરવા ઉચીત અને ન્યાયી જણાઇ આવે છે.

૬. આમ, ઉપરોકત ચર્ચાના અંતે કેટલીક શરતોને આધિન કેસના ગુણદોષની વિશેષ ચર્ચા કર્યા સિવાય હાલની જામીન અરજી મંજુર કરવાની વિવેકાધિન સતા વાપરવી ઉચિત જણાતી હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::– હુકમ –::**

**૧.** અરજદાર/આરોપીની ફોજદારી પરચુરણ અરજી નં. ૨૫૧/૨૦૨૬ આથી મંજુર કરવામાં આવે છે.

**૨.** અરજદાર/આરોપી **ગોપાલ સુરેશભાઇ જોટાંગીયા,** ઉ.વ.:– ૨૮, ધંધો:– વેપાર, રહે. હાઉસીંગ બોર્ડ, ત્રણ માળીયા કવાર્ટર, ભગતસિંહ ગાર્ડન પાસે, રાજકોટ, હાલ જીલ્લા જેલ, મોરબી નાઓએ રૂા. ૧૫,૦૦૦/– (અંકે પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા નીચેની અદાલત માં કરી આપ્યેથી, મોરબી તાલુકા પો.સ્ટે. એ પાર્ટ ગુના રજી. નં. ૦૩૦૪/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૦૫, ૬૧(૨), ૨૧૨ મુજબના ગુનાના કામે, બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ તેમને નીચેની શરતોને આધીન કસ્ટડી મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

**(૧)** અરજદાર/આરોપીને આ ગુનાના કામે આખરી નિરાકરણ સુધી રાજકોટ જીલ્લાની હદ છોડવી નહી.

**(૨)** અરજદાર/આરોપીએ ચાર્જશીટ ફાઇલ થયા સુધી દર અઠવાડિયાના પ્રથમ દિવસે સોમવારે તપાસ કરનાર અમલદાર સમક્ષ હાજર રહેવુ.

**(૩)** અરજદાર/આરોપીની હાજરીની જરૂીયાત હોય તેવા સમયે તપાસ કરનાર અમલદાર અરજદાર/આરોપીને જે કોઇ જગ્યાએ હાજર રહેવા જણાવે ત્યારે હાજર રહેવા માટે પરવાનગી આપવામાં આવે છે.

**(૪)** અરજદાર/આરોપીએ તેમની સામે ચાલતા કેસની ટ્રાયલ દરમ્યાન નિયમિત પણે કોર્ટમાં હાજર રહેવું.

**(૫)** અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષ ના સાહેદોને ધાક ધમકી, લાલચ, પ્રલોભન આપવા–અપાવવા નહી કે ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા

નહી.

(૬) અરજદાર/આરોપીએ કેસનો નિકાલ ન થાય ત્યાંસુધી આ કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહી.

(૭) અરજદાર/આરોપીએ પોતાના હાલના રહેઠાણનું સરનામું તથા કાયમી રહેઠાણના સરનામા, મોબાઈલ નંબર અંગેની વિગત જામીન આપતી વખતે રજુ કરવી તથા તેમાં કોઈ ફેરફાર થાય તો તેની લેખીત માં જાણ ટ્રાયલ કોર્ટને કરવી.

(૮) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતાં હોય તો તે જામીન મુકત થયા બાદ દિન–૭(સાત) માં ટ્રાયલ કોર્ટ સમક્ષ જમા કરવાનો રહેશે. અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામું રજુ કરવું.

(૯) અરજદાર/આરોપીને તપાસ કરનાર અમલદાર જયાં અને જયારે બોલાવે ત્યારે ત્યાં અને ત્યારે હાજર રહી ગુન્હાની તપાસમાં સંપુર્ણ સહકાર આપવાનો રહેશે.

- ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો અરજદાર/આરોપી ભંગ કરશે તો, જામીન અંગે કરેલો હુકમ રદ ગણવામાં આવશે.
- આ હુકમની જાણ સબંધીત કોર્ટ તથા સબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

આ હુકમ આજરોજ તારીખ : ૦૯, માહે : માર્ચ, સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :– મોરબી
તા. ૦૯/૦૩/૨૦૨૬

**(કમલ રસીકલાલ પંડયા)**
એડીશ્નલ સેશન્સ જજ, મોરબી
(કોડ નં.જીજે૦૦૭૩૯)

AHP